ગુજરાત સમાચાર (અમદા.)
તા-૭-૧૧-૧૩ પાન. નં-૧

## રિઝર્વ બેંકની મહત્ત્વની જાહેરાત

# હવે વિદેશી બેંકો ભારતની ખાનગી બેંકોને ખરીદી શકશે

(પી.ટી.આઈ.) મુંબઈ, તા. ૬

એક મહત્વના નીતિવિષયક પગલાંમાં ઈર્બીએ વિદેશી બેંકોની સંપૂર્ણ માલિકીની સબસિડિયરી દ્વારા ઘરઆંગણાની ખાનગી ક્ષેત્રની બેંકોને ખરીદવા માટે તેના દ્વાર ખુલ્લા મુકી દીધા છે.

વિદેશી બેંકો દેશમાં બ્રાંચ પણ ખોલી શકશે તથા તેની પેટાકંપની સ્થાનિક શેરબજારોમાં નોંધણી પણ કરાવી શકશે. કોઈપણ વિદેશી બેંકને ૭૪ ટકાથી વધુ હિસ્સો ખરીદવાની પરવાનગી આપવામાં આવી નથી.

'સ્થાનિકસ્તરે બેંક દ્વારા શરૂ કરવામાં વિદેશી બેંકની સંપૂર્ણ માલિકીની સબસિડિયરીને રાષ્ટ્રીય સ્તરની સવલત આપવામાં આવશે. તેઓ ભારતીય બેંકોની સમકક્ષ દેશમાં ક્યાંય પણ (માત્ર એવા સંવેદનશીલ વિસ્તારો જ્યાં રિઝર્વ બેંકની આગોતરી મંજૂરી લેવાની હોય તે સિવાય) બ્રાંચ ખોલી શકશે.

વિદેશી બેંકોની સબસિડિયરી સ્થાપવા માટે જરૂરી માળખું ઉભું કરવા માટે અનેક શરતોનું પાલન કરવું પડશે. ભારતીય બેંકિંગ

(અનુસંધાન ૧૩મે પાને)

## જોકે ૭૪ ટકાથી વધુ શેરહોલ્ડિંગ નહિ : વિદેશી બેંકોની સબસિડિયરી સ્થાનિક શેરબજારોમાં પણ લિસ્ટિંગ કરાવી શકશે

ગુજરાત સમાચાર - તા-૭-૧૧-૧૩, અનુસંધાન - પાન - ૧૩

**રાષ્ટ્રીય**

## હવે વિદેશી બેંકો

(પહેલા પાનાનું ચાલુ)

સિસ્ટમ પર વિદેશી બેંકોનું પ્રભુત્વ ન થાય તે માટે જો આવી બેંકોનો હિસ્સો એક મર્યાદાથી વધે તો તેમને અંકુશમાં રાખવામાં આવશે.

ભારતમાં તમામ વિદેશી બેંકોની મૂડી અને અનામતો હાલની બેન્કિંગ સિસ્ટમથી ૨૦ ટકાને વટાવી જાય તો ઈર્બી વિદેશી બેંકોની નવી સબસિડિયરીને દેશમાં પ્રવેશતા અટકાવી દેશે. શરતો મુજબ દરેક વિદેશી બેંકોએ તેની સબસિડિયરી માટે પ્રાથમિક પેઈડ-અપ વોટિંગ ઈક્વિટી કેપિટલ કે નેટ વર્થ રૂ. ૫૦૦ કરોડ રાખવા પડશે.

નવા ધોરણો મુજબ ઓગસ્ટ ૨૦૧૦ પહેલા સ્થાપવામાં આવેલી હાલની વિદેશી બેંકોને સંપૂર્ણ માલિકીની સબસિડિયરીમાં કન્વર્ટ થવાનું ફરજિયાત નથી. જોકે તેઓ રાષ્ટ્રીય સ્તર જેવી સવલતનો લાભ આપી સબસિડિયરીમાં કન્વર્ટ થવાની તક અપાશે. જોકે જટિલ માળખું, અપૂરતા ડિસ્ક્લોઝર ધરાવતી બેંકોનો પ્રવેશ સબસિડિયરી સુધી નિયંત્રિત રહેશે.

જોકે ઉપરના ધારાધોરણોનું પાલન નહિ કરતી બેંકો એક બ્રાંચ ખોલી શકશે. આ ઉપરાંત સબસિડિયરીની મૂળ કંપનીએ તેની સબસિડિયરીની જવાબદારી પહોંચી વળવા માટે રિઝર્વ બેંકને એક લેટર ઑફ કમ્ફોર્ટ જારી કરવો પડશે. પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગને પહોંચી વળવાના સંદર્ભમાં ઘરેલુ શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંકો જેવી સબસિડિયરીઓ માટે ૪૦ ટકાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે.